Extra No. 342

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 22, 2025 / BHADRA 31, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

ખેડા જિલ્લાના સેવાલીયા ગામ થી પંચમહાલ જિલ્લાના ટીમ્બા તરફ જતા માર્ગ પર મહીસાગર નદી પર આવેલ બ્રીજના એકસ્પાન્સન જોન્ટ તેમજ બેરીંગનું સમારકામ કરવામાં આવનાર હોય, જે કામગીરી સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય, જેથી સદર બ્રીજનું સમારકામ કરવાના કામે બ્રીજ બંધ રાખી ઉકત બ્રીજ પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ડાઈવર્ટ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. સીબી/૧૮૩૭/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ. જે અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવવી તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૦૭/૦૯/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું સદર બ્રીજ પર સમારકામની કામગીરી હાલમાં પ્રગતિમાં હોય, ઉકત જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદએ તા.૦૯/૦૯/૨૦૨૫ ના પત્ર થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિગતો રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૫/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન નીચેના જાહેર માર્ગ પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) <u>વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો</u>:-

1. સેવાલીયા ગામ ત્રણ રસ્તાથી સેવાલીયા બસ સ્ટેન્ડ, મહીસાગર નદી રોડ બ્રિજ થઈ ટીમ્બા ગામ, ગોધરા તરફ જતો તમામ વાહન વ્યવહાર,

(B) <u>વાહનોની અવર જવર બંધ થતા તેના ડાયવર્ટ કરવાના વૈકલ્પિક રૂટો</u>:-

1. સેવાલીયા ગામ ત્રણ રસ્તાથી સેવાલીયાઅ બસ સ્ટેન્ડ, મહીસાગર નદી રોડ બ્રિજ થઈ ટીમ્બા ગામ, ગોધરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

   - સેવાલીયા ગામ ત્રણ રસ્તા થી ડાબી બાજુ વળી પાલી ગામ, બાલાસિનોર રોડ તરફ અમદાવાદ-ઈન્દોર હાઈવે થઈ ટીમ્બા ગામ, ગોધરા તરફ આગળ જઈ શકાશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ખેડા માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૧૫/૦૯/૨૦૨૫

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:05:54 IST